University Hospitals of Leicester NHS
NHS Trust

# લીસ્ટર ફર્ટિલિટી સેન્ટર
# કેન્સિંગટન બિલ્ડિંગ
# લીસ્ટર રૉયલ ઈન્ફર્મરી
# 0116 258 5922

## સીમેન (વીર્ય)નો નમૂનો એકઠો કરવા સૂચનો

**એ વાત નોંધી લો કે લીસ્ટર ફર્ટિલિટી સેન્ટરમાં (Leicester Fertility Centre) પૃથક્કરણ માટે વીર્યના નમૂના તૈયાર કરવાની સવલત નથી**

- કન્ટેનર પર તમારૂં **નામ, સરનામુ અને જન્મ તારીખ** સ્પષ્ટ રીતે લેબલમાં લખેલા હોવા જોઈએ અને ત્યાર બાદ સીલ કરી શકાય તેવી બેગ (જો પૂરી પડાઈ હોય તો)માં મૂકો. તમારા નમૂના સાથે તમારા જી.પી. તરફથી એક અરજીપત્ર **જરૂર** સામેલ હોવો જોઈએ. જો આ પત્ર ના હોય તો તમે નમૂનો અમારી પાસે લાવો તે પહેલાં તમારા જી.પી. તરફથી, પત્ર ના મખ્યો હોય તો, **જરૂર** મેળવો નહિતર એના વગર અમે પૃથક્કરણ કરી નહિ શકીએ.

- આ નમૂનો લીસ્ટર ફર્ટિલિટી સેન્ટર, કેન્સિંગટન બિલ્ડિંગના રીસેપ્શન ડેસ્ક પર **સોમવારથી શુક્રવાર** (બેંકની રજાઓ બાદ કરતાં) દરમિયાન **સવારે 9.00 વાગ્યાથી બપોરે 12.00 વાગ્યા** સુધીમાં લાવો. એ નોંધી લો કે જો તમારી પાસે વિગતવાર 'સ્વિમ અપ' પૃથક્કરણ હોય તો આ નમૂનો માત્ર **સોમવાર થી ગુરૂવારે સવારે 9.00 વાગ્યાથી બપોરે 12.00 વાગ્યા** સુધીમાં લાવી શકો.

- નમૂનો પેદા કરતાં પહેલાં **તમારા હાથ અને શિશ્ન** સારી રીતે ધુઓ. કોઈ લુબ્રિકન્ટસ **ના** વાપરો કારણ કે વીર્ય માટે એ ઝેરી છે.

- આ કસોટી માટે 1 આખા દિવસ કરતાં વધુ અને 7 દિવસ કરતાં ઓછો સમય સંભોગ/વીર્યસ્રાવથી દૂર રહો. જો કે શ્રેષ્ઠતમ પરિણામ મેળવવા માટે તમે આ નમૂનો પેદા કરતાં પહેલાં **2-3 દિવસ** આનાથી દૂર રહો.

- આ નમૂનો **હસ્તમૈથુન** દ્વારા સીધો જ તમને અપાયેલા સ્ટરાઈલ કન્ટેનરમાં એકડો થવો જોઇએ અને નમૂનો પૂરેપૂરો હોવો જોઇએ. એટલે કે પૂરેપૂરો વીર્યસ્રાવ કન્ટેનરમાં એકટો થયેલો હોવો જોઇએ.

- આ નમૂનો પેદા કરવા સંભોગમાંથી પાછા હટી, એ વીર્યસ્રાવ ઉપયોગમાં **ના** લેવો, કારણ વીર્ય-સ્રાવનો આરંભનો જથ્થો વધુમાં વધુ શુક્રાણુઓ ધરાવે છે, તે કદાચ આમાં એકઠો થાય નહિ એવું બની શકે. જો તમે હસ્તમૈથુન દ્વારા વીર્ય ઉત્પન્ન કરી શકતા ના હો તો અમે તમને વિશેષ સિલેસ્ટિક કોન્ડોમ પૂરાં પાડી શકીએ, જેમાં તમે તમારો નમૂનો એકઠો કરી શકો. અમારા રીસેપ્શન પર આ વેચાય છે.

- સામાન્ય કોન્ડોમમાં એકઠા કરાયેલા નમૂનાને કશામાં તબદીલ ના કરો, કારણ કોન્ડોમમાં રહેલા સ્પર્મીસાઈડ ઘણા શુક્રાણુઓને મારી નાખશે.

- આ નમૂનો એકઠો કરાયાના **1-1½ કલાક**ની અંદર સેન્ટર પર પહોંચાડવો જોઇએ. નમૂનો ના તો ગરમ કરવો જોઇએ કે ના ઠંડો કરવો, પણ **શરીરના ઉષ્ણતામાને**, ઉદા. ખિસ્સામાં જ રાખો.

- સેન્ટર ખાતે નમૂનો સોંપતી વેળા રીસેપ્શન સ્ટાફના એક સભ્યને જરૂર જણાવો.

- માત્ર વિગતવાર 'સ્વિમ અપ' કસોટી માટે, વપરાતા પદાર્થો અને રીએજન્ટ્સ ખૂબ મોંઘા હોઇ અને એનએચએસ ફન્ડિંગ હેઠળ આવરિત ના હોઇ, નાણાં ચૂકવવાના રહેશે. આ માટે **£120** ચૂકવવાના રહેશે અને તે રોકડ, ચેક કે કાર્ડ દ્વારા ચૂકવી શકાય.